# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-02-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગાંધીધામ – આદિપુર ચૌહરીકરણ કામગીરીને કારણે ટ્રેન વ્યવહર પ્રભાવિત

ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ પરિયોજના હેઠળ ગાંધીધામ કેબિન થી આદીપુર સ્ટેશનો વચ્ચે હાથ ધરવામાં આવી રહેલા ભૌતિક માળખાકીય કામોના લીધે આવતીકાલ 04 ફેબ્રુઆરીથી 13 ફેબ્રુઆરી સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

જે પૈકી ૧૨ જેટલી ટ્રેનો પૂર્ણરૂપે રદ રહેશે. જયારે, ૯ જેટલી ટ્રેનો ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.આ ઉપરાંત, ૫ ટ્રેનો ગાંધીધામ સ્ટેશન પર ન જતા માર્ગ પરિવર્તિત થઇને જશે. જેથી પ્રવાસીઓએ પોતાની સંબંધિત ટ્રેન અંગે અગાઉથી માહિતી મેળવી પ્રવાસ આયોજન કરવા જણાવવામાં આવ્યું છે.

આ પરિયોજના ગાંધીધામ ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે અને ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે.

------------------------------------------------------------------------------------------

## વિશ્વ વેટલેન્ટ દિવસ : છારીઢંઢ ખાતે પરી સંવાદ

‘વિશ્વ વેટલેન્ડ દિવસ’ નિમિત્તે છારીઢંઢ ખાતે પરિસંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપરાંત છારીઢંઢ આજુબાજુના પાંચ ગામના લોકો પરિસંવાદ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સ્થાનિક લોકોએ વન સંરક્ષક સમક્ષ સ્થાનિકે તેઓના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી, જે બાબતે વન સંરક્ષક દ્વારા આ પ્રશ્નોનો સુચારુરુપે નિકાલ લાવવામાં આવશે તે અંગે ખાતરી આપવામાં આવી હતી. તેમજ છારીઢંઢના સર્વાંગી વિકાસ માટે સ્થાનિકોને સાથે રાખી સંકલિત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં વેટલેન્ડના વૈશ્વિક મહત્વ, સંરક્ષણની આવશ્યકતા તથા સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી તેમજ છારીઢંઢ વેટલેન્ડને રામસર સાઇટ તરીકે તાજેતરમાં મળેલી ઓળખથી આવનાર સમયમાં પર્યાવરણ સંરક્ષણ, પર્યટન તથા સ્થાનિક વિકાસને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

--------------------------------------------------------------------------------------------

## વિશ્વ વેટલેન્ટ દિવસ :ભુજમાં કાર્યક્રમ

દરમ્યાન, વિશ્વ વેટલેન્ડ દિવસ નિમિત્તે ભુજમાં પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાનના સંગમ દ્વારા સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવામાં આવી હતી. વન વિભાગના કચ્છ વર્તુળ, ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી સહીત સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વનવિભાગના અધિકારીઓ, પર્યાવરણ પ્રેમીઓ અને તજજ્ઞો જોડાયા હતા.

ટેકનિકલ સત્ર દરમિયાન વિવિધ નિષ્ણાતોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા, જેમાં દરિયાકાંઠાના વેટલેન્ડ વિશે અને વેટલેન્ડના મહત્વ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, વિવિધ સત્રોમાં થયેલી ચર્ચા અનુસાર જળપ્લાવિત વિસ્તારોનું આપણા સાંસ્કૃતિક વારસામાં ભૂમિના રક્ષણનું મહત્વ, જળપ્લાવિત વિસ્તારોના પક્ષીઓની ઓળખ, સ્થાનિક સમુદાયના પશુપાલકો,ખેડુતો,માછીમારો સહીતની આજીવિકા સાથે-સાથે પર્યાવરણીય

સમતુલા જાળવવા માટે કાર્યોથી જળપ્લાવિત વિસ્તારના સંરક્ષણ-સંવર્ધન માટે પ્રયત્નો મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------

## બાલ્ડ ઇગલ બ્રિગેડ દ્વારા વ્યાપક આંખ તપાસ અને સારવાર  અભિયાન

દેશની છે.

સેનાના સધર્ન કમાન્ડ હેઠળ બાલ્ડ ઇગલ બ્રિગેડ દ્વારા લખપત અને ભુજના સરહદી વિસ્તારોમાં વ્યાપક આંખ તપાસ અને મોતિયા સારવાર અભિયાન હાથ ધરાયું હતું. જે અંતર્ગત જિલ્લા આરોગ્ય તંત્ર, આરોગ્ય કેન્દ્રો અને આશા બહેનોના સંકલન સાથે 120થી વધુ ગામોમાં 2500થી વધુ લોકોની તપાસ કરાય હતી.

રાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત લશ્કરી સર્જન બ્રિગેડિયર સંજય કુમાર મિશ્રાની દેખરેખ હેઠળ આજથી 5 ફેબ્રુઆરી સુધી ભુજ મિલિટરી હોસ્પિટલ ખાતે 150થી વધુ દર્દીઓને અદ્યતન મોતિયા અને આંખની સર્જરી માટે પસંદ કરાયા છે. આ પહેલ દ્વારા સેનાએ સરહદે સુરક્ષા સાથે માનવીય સેવા અને મિલિટરી–સિવિલ જોડાણનું મજબૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

------------------------------------------------------------------------------------

## CISF દ્વારા આયોજિત સાઇકલોથોનનું આદિપુર ખાતે સ્વાગત

રાષ્ટ્રની આંતરિક અને દરિયાકાંઠાની સુરક્ષાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ CISF દ્વારા આયોજિત ‘વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન–2026”નું આદિપુર ગાંધી સમાધિ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત જાહેર અભિવાદન સમારોહમાં સાયકલવીરોની ટીમને પ્રોત્સાહિત કરી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ સાયક્લોથોન દરમ્યાન 130 જેટલા સાયકલવીરો બંદરો, ઔદ્યોગિક એકમો અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ નાગરિકોમાં રાષ્ટ્રીય સુરક્ષા, ફિટનેસ અને પર્યાવરણ પ્રત્યે

જાગૃતિ ફેલાવી રહ્યા છે. આ યાત્રા વિવિધ શહેરો અને બંદરો ખાતેથી પસાર થઈને કોચી ખાતે પૂર્ણ થશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી આર્ટ્સ ફેકલ્ટી દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ

ભુજમાં કેએસકેવી કચ્છ યુનિવર્સિટીના આર્ટસ ફેકલ્ટી દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યાપકોને નવી શૈક્ષણિક પધ્ધતિ અપનાવવા સૂચન કરાયું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના હેતુઓને અનુરૂપ શિક્ષકોમાં શૈક્ષણિક ગુણવત્તા, સંશોધન ક્ષમતા અને નવીન શિક્ષણ પદ્ધતિઓનો વિકાસ કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં આર્ટસના 15 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

જેમાં વિવિધ સંસ્થાઓના ૪૩ જેટલા પ્રાધ્યાપકો, અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------